# Official Spokesperson's response to media queries regarding Pakistan's proposal to reopen the Kartarpur corridor

October 03, 2020

## કરતારપુર કોરિડોર ફરીથી ખોલવાનાં પાકિસ્તાનનાં પ્રસ્તાવ સંબંધિત મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

ઓક્ટોબર 03. 2020

**કરતારપુર કોરિડોર ફરીથી ખોલવાનાં પાકિસ્તાનનાં પ્રસ્તાવ સંબંધિત મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું કે,**

તમે જાણો છો તે મુજબ, કોવિડ-19 ને કારણે આવાગમન સ્થગિત કરવામાં આવ્યું છું. ગૃહ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય સહિત તમામ સંબંધિત સત્તાધિકારીતાઓ સાથે અમે સંપર્કમાં છીએ. આ કોરિડોર ફરીથી ખોલવાનો નિર્ણય કોવિડ પ્રોટોકોલ અને નિયંત્રણો હળવા કરવાનાં અનુપાલન મુજબ લેવામાં આવશે.

ગયા વર્ષે કરતારપુર કોરિડોર ખોલવાનાં સમયે અને ઓક્ટોબર 2019 માં હસ્તાક્ષર કરવામાં આવેલી દ્વિપક્ષીય સમજૂતિમાં, તેવું નક્કી કરવામાં આવ્યું હતું કે બન્ને પક્ષોએ યાત્રાળુઓનાં સુરક્ષિત અને મુશ્કેલી વગરનાં આવાગમન માટે વહેલી તકે બુઢી રાવી વહેણ પર બ્રીજનું નિર્માણ કરવા સહિત આવશ્ય આંતરમાળખું સ્થાપિત કરવાનું રહેશે. ત્યારબાદ એક વર્ષ પછી, પાકિસ્તાને હજું બ્રીજનું નિર્માણ કરવાનું બાકી છે જ્યારે આપણા છેડે તે તૈયાર છે. પાકિસ્તાન સાથે ટેકનિકલ બેઠકની સુવિધા કરી આપવામાં આવી હતી અને 27 ઓગસ્ટ 2020 નાં રોજ બે ટીમો મળી હતી. જોકે, પાકિસ્તાનનાં ભાગે કોઇ પ્રગતિ થઇ નથી.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 03, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.